# કમાન્ડ & કંટ્રોલ સેન્ટર, પોલીસ કમીશ્નર કચેરી, રાજકોટ શહેર.

## સામાન્ય માર્ગદર્શિકા

### ઈ ચલણ ની ચુકવણી- કેવી રીતે કરવી-

ઈ-ચલણની ચુકવણી તમે **Online** તથા **Offline/ કેસ પેમેન્ટ** માધ્યમથી કરી શકો છો.

### ઈચલણ- પેમેન્ટ ઓનલાઈન કેવી રીતે ચૂકવવું -

**જો તમને મળેલ ઇ-ચલણ તા. ૧૫/૦૧/૨૦૨૩ કે તે પહેલાની તારીખનું હોય તો,**
**તેવા ઇ-ચલણની Online ચુકવણી rajkotcitypolice.co.in પર કરવાની રહેશે.**

1. **https://rajkotcitypolice.co.in/** વેબ-સાઇટની મુલાકાત લો.
2. તમારા વાહન નંબર દાખલ કરો અને **Go** ટેબ પર ક્લીક કરો.
3. અહિં તમારા વાહનના Unpaid તથા Paid ઇ-ચલણની વિગતો જોઇ શકશો.
4. તમે જે ઇ-ચલણનું પેમેન્ટ કરવા માંગતા હોય તે ઇ-ચલણ સીલેક્ટ કરો.
5. જરૂરી વિગતો જેવી કે, ડ્રાઇવીંગ લાઇસેંસ નંબર, મોબાઇલ નંબર, ઇ-મેઇલ ID ભરો.
6. ત્યારબાદ ઇ-ચલણનું પેમેન્ટ કરવા **"Pay Now"** બટન પર ક્લીક કરો.
7. ઓનલાઈન પેમેન્ટ માટે પસંદગીનો મોડ સીલેક્ટ કરો, જેમ કે ક્રેડીટ કાર્ડ/ ડેબીટ કાર્ડ, નેટ બેંકિંગ..
8. પેમેન્ટ સફળ થઈ જાય પછી તમે ચુકવણીની રસીદ ડાઉનલોડ કે પ્રિન્ટ કરી શકો છો.

જો ઇ-ચલણના **payment / refund** સંબંધિત કોઇ સમસ્યા હોય તો, પેમેન્ટ કર્યાના **૧૦ દિવસ બાદ** નીચે મુજબના પુરાવા સાથે રાખી કમાન્ડ & કંટ્રોલ સેન્ટર, પોલીસ કમીશ્નર કચેરી, રેસકોર્ષ રીંગરોડ, રાજકોટ શહેરની રૂબરૂ મુલાકાત લેવી.

**a.** ઈ-ચલણ ની નકલ

**b.** ઓળખનો પુરાવો (License, Aadhar card, Voter Id, Passport, PAN Card etc.)

**c.** ઈ-ચલણ પેમેન્ટ પોર્ટલ પરથી જનરેટ થયેલ Transaction Receipt .

**d.** જે મોડથી ઈ-ચલણનું પેમેન્ટ કરેલ હોય, રકમ ડેબીટ થયેલ હોય તે તારીખથી લઇ પછીના ૧૦ દિવસ સુધીના
થયેલ Transaction દર્શાવતું Bank Statement/ credit card statement ની નકલ.

**e.** જો રીફંડ મેળવવાનું હોય તો, જે બેંક ખાતામાં રીફંડ મેળવવા માંગો છો, તે બેંકની Passbook
(front page) ની નકલ અથવા Cancelled Cheque

## જો તમને મળેલ ઇ-ચલણ તા. ૧૬/૦૧/૨૦૨૩ કે તે પછીની તારીખનું હોય તો,

**તેવા (NIC/ PARIVAHAN વાળા) ઇ-ચલણની Online ચુકવણી echallan.parivahan.gov.in પર કરવાની રહેશે.**

(ઇ-ચલણ ઇસ્યુ થયાના ૯૦ દિવસની અંદર ભરી શકાશે, ત્યારબાદ ઇ-ચલણ v-court માં જતુ રહેશે.)

1: **https://echallan.parivahan.gov.in/** ની મુલાકાત લો.
:2 **" Pay Online "** ટેબ પર ક્લિક કરો.
3: આપેલ ફીલ્ડમાં ક્યાં તો તમારો ચલણ નંબર, ડ્રાઇવિંગ લાઇસન્સ નંબર અથવા વાહન નંબર દાખલ કરો.
4: કેપ્ચા કોડ યોગ્ય રીતે દાખલ કરો.
5: **''GET DETAILS"** પર ક્લિક કરો.
6: તમને તે પેજ પર રીડાયરેક્ટ કરવામાં આવશે, જે તમારા ઈ-ચલણની માહિતી દર્શાવે છે.
7: payment કૉલમ હેઠળ, **"PAY NOW"** પર ક્લિક કરો.
8: ઓનલાઈન પેમેન્ટનો તમારો પસંદગીનો મોડ પસંદ કરો જેમ કે, ક્રેડીટ કાર્ડ/ ડેબીટ કાર્ડ, નેટ બેંકિંગ અથવા UPI
9: પેમેન્ટ સફળ થઈ જાય પછી તમે ચુકવણીની રસીદ ડાઉનલોડ કે પ્રિન્ટ કરી શકો છો.

**ઇ-ચલણ ઇસ્યુ થયાના ૯૦ દિવસ બાદ ઇ-ચલણની ચુકવણી https://vcourts.gov.in/virtualcourt/ પર કરી શકાશે.**

1: **https://vcourts.gov.in/virtualcourt/** ની મુલાકાત લો.
2: ત્યારબાદ Gujarat (Traffic Department) select કરી **"proceed now"** પર ક્લિક કરો.
3: ત્યારબાદ ઇ-ચલણવાળા વાહન નં. / ચલાણ નં. દાખલ કરો.
4: કેપ્ચા કોડ યોગ્ય રીતે દાખલ કર્યા બાદ **Submit** પર ક્લિક કરો.
5: ત્યારબાદ **"offence details"** ની ચકાસણી કર્યા બાદ **"Verify "** પર ક્લીક કરો.
6: ત્યારબાદ **" I wish to pay the proposed fine."** ઓપ્શન સીલેક્ટ કર્યા બાદ આપના મો.નં. ના છેલ્લા ૦૪ આંકડા ચકાસીને **Generate OTP** પર કલીક કરો. તમને SMS દ્વારા મળેલ OTP દાખલ કરો.ત્યારબાદ **Verify OTP** પર કલીક કરો. અને Online પેમેન્ટ કરો.

( જો મોબાઈલ નંબર અન્ય આવતો હોય તો, **"My name or mobile number is incorrect.I wish to pay the fine by verifying Engine No and Chasis No."** ઓપ્શન સીલેક્ટ કરો અને આપના વાહનની **RC** બુક મુજબના ચેસીસ નંબર અને એન્જીન નંબરના છેલ્લા ૪ અંક તેમજ અન્ય વિગતો દાખલ કરો અને તમારો હાલનો મોબાઇલ નં. દાખલ કર્યા બાદ **GENERETE OTP** પર ક્લીક કરો અને તમને SMS દ્વારા મળેલ OTP દાખલકરો **Verify OTP** પર ક્લીક કરો અને Online પેમેન્ટ કરો.)

જો NIC/ PARIVAHAN વાળા ઇ-ચલણ ના પેમેન્ટ ટ્રાન્ઝેકશન અંગે કોઇ સમસ્યા હોય તો "Check Online Services" ટેબ પર ક્લીક કરી "Check Failed transaction" તથા "Check Pending Transaction" પરથી તમે કરેલ ટ્રાન્ઝેકશન ચેક કરી શકશો.

**તમને મળેલ કોઇપણ ઈચલણ-નું પેમેન્ટ ઑફલાઇન / કેસ  દ્વારા ચૂકવવા  માટે –**

તમે નીચે જણાવેલ કચેરી ખાતે (કચેરી સમય દરમ્યાન) ઇ-ચલણનું પેમેન્ટ  offline / રોકડ માધ્યમથી કરી શકો છો.

(**નોંધ-** ઇ-ચલણ પ્રિન્ટ/SMS તથા ડ્રાઇવીંગ લાઇસન્સ સાથે રાખવા વિનંતી..)

રાજકોટ શહેર ટ્રાફિક શાખા,

રૂડા બિલ્ડીંગ/ જામ ટાવર પાસે, જામનગર રોડ, રાજકોટ.

**Click Here for Location**

- અરજદારને ઈ-ચલણ બાબતે કોઇ માહિતી કે સમસ્યા હોય તો, કમાન્ડ & કંટ્રોલ સેન્ટર, પોલીસ કમીશ્નર કચેરી, રાજકોટ શહેરનો સંપર્ક કરવાનો રહેશે.

  ઇ-મેઈલ ID- CCC-CP-RAJ@GUJARAT.GOV.IN     ફોન નં- ૦૨૮૧-૨૪૭૨૪૮૪